# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-12-2025** **Midday : 1.20 to 1.30 PM**

**Day : Friday** **National News**

આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે વીર બાળ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યા
2) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ભારત મંડપમ ખાતે વીર બાલ દિવસના રાષ્ટ્રીય કાર્યક્રમમાં ઉપસ્થિત
3) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં પાંચમી રાષ્ટ્રીય મુખ્ય સચિવ પરિષદની અધ્યક્ષતા કરશે
4) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં આતંકવાદ વિરોધી પરિષદનું ઉદ્ઘાટન કર્યું
5) આંધ્રપ્રદેશમાં આજે બે અલગ અલગ માર્ગ અકસ્માતોમાં સાત લોકોના મોત- કર્ણાટકના ચિત્રદુર્ગ બસ અકસ્માતમાં મૃત્યુઆંક વધીને સાત થયો
6) મહિલા ક્રિકેટમાં ભારત અને શ્રીલંકા વચ્ચે આજે ત્રીજી ટ્વેન્ટી20 મેચ રમાશે

---

(સમાચારને અંતે – આકાશવાણી પરથી રાષ્ટ્રીય સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ 2 વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

# PREZ- BAL PURASKAR

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં વીર બાળ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યા. આ વર્ષે, 18 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 20 બાળકોને તેમની ઉત્કૃષ્ટ સિદ્ધિઓ બદલ પુરસ્કાર આપવામાં આવ્યો છે. આ પ્રસંગે બોલતા રાષ્ટ્રપતિએ કહ્યું કે પુરસ્કાર વિજેતા બાળકોએ બહાદુરી, કલા અને સંસ્કૃતિ, પર્યાવરણ, નવીનતા અને વિજ્ઞાન અને ટેકનોલોજી સહિત વિવિધ ક્ષેત્રોમાં અસાધારણ યોગદાન આપ્યું છે. આ અંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વધુમાં આ મુજબ જણાવ્યું.

**(BYTE - DROUPADI MURMU)**

. . . . . . . . . . . . .

# VEER BAL DIWAS-PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વીર બાલ દિવસ પર રાષ્ટ્રીય કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા.

પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર વિજેતાઓ પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા. શ્રી ગુરુ ગોવિંદ સિંહજીના પુત્રો બાબા જોરાવર સિંહજી અને બાબા ફતેહ સિંહજીના બલિદાનને શ્રદ્ધાંજલિ આપવા માટે વીર બાલ દિવસ ઉજવવામાં આવે છે. પ્રધાનમંત્રી મોદીએ જાન્યુઆરી 2022 માં ગુરુ

ગોવિંદ સિંહજીના પ્રકાશ પર્વ દરમિયાન દર વર્ષે વીર બાલ દિવસ ઉજવવાની જાહેરાત કરી હતી.

. . . . . . . . . . . . . .

# PM - SHAH-VEER BAL DIWAS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વીર બાલ દિવસ પર બહાદુર સાહિબઝાદાઓના બલિદાનને યાદ કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે આ દિવસ હિંમત, મજબૂત શ્રદ્ધા અને અખંડિતતાનું પ્રતીક છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે સાહિબઝાદાઓનું જીવન અને આદર્શો આવનારી પેઢીઓને પ્રેરણા આપતા રહેશે.

વીર બાલ દિવસ નિમિત્તે, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગુરુ ગોવિંદ સિંહજીના બહાદુર સાહિબઝાદાઓના બહાદુરી બલિદાનને યાદ કર્યું. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે કહ્યું, "બહાદુર સાહિબઝાદાઓની બહાદુરીની ગાથા માતૃભૂમિ માટે બલિદાન, સમર્પણ અને શહાદતનો પર્યાય છે."

. . . . . . . . . . . . . .

# PM - CHIEF SECRETARIES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં પાંચમી રાષ્ટ્રીય મુખ્ય સચિવ પરિષદની અધ્યક્ષતા કરશે. શ્રી મોદી આવતીકાલે અને રવિવારે

ત્રણ દિવસીય પરિષદમાં પણ ભાગ લેશે. આ પરિષદનો ઉદ્દેશ્ય સતત સંવાદ દ્વારા કેન્દ્ર અને રાજ્યો વચ્ચે ભાગીદારીને પ્રોત્સાહન આપવાનો છે.

આ પરિષદ ભારતની માનવ મૂડી ક્ષમતા અને સમાવેશકતાને વધારવા અને ભવિષ્યના વિકાસને વેગ આપવા માટે એક સંકલિત રોડમેપ વિકસાવવા માટે કેન્દ્ર અને રાજ્યોને એકસાથે લાવશે.

આ પરિષદમાં એક સામાન્ય વિકાસ કાર્યસૂચિને અંતિમ સ્વરૂપ આપવાના હેતુથી ઊંડાણપૂર્વક ચર્ચાઓ કરવામાં આવશે. આ પરિષદ "વિકસિત ભારત માટે માનવ મૂડી" થીમ પર ધ્યાન કેન્દ્રિત હશે જેમાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે અનુસરવા માટેની શ્રેષ્ઠ પદ્ધતિઓ અને વ્યૂહરચનાઓનો સમાવેશ થશે. આ થીમ અંતર્ગત પાંચ ચોક્કસ ક્ષેત્રો - પ્રારંભિક શિક્ષણ, શાળાકીય શિક્ષણ, કૌશલ્ય, ઉચ્ચ શિક્ષણ, રમતગમત અને અભ્યાસેતર પ્રવૃત્તિઓ પર વિશેષ ભાર મૂકવામાં આવશે.

. . . . . . . . . . . . . .

## SHAH-ANTI-TERROR-CONFERENCE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે નવી દિલ્હીમાં આતંકવાદ વિરોધી પરિષદનું ઉદ્ઘાટન કર્યું

આ બે દિવસીય પરિષદ, આતંકવાદ વિરોધી કામગીરીમાં રોકાયેલા લશ્કરી દળો, ટેકનિકલ, કાનૂની અને ફોરેન્સિક નિષ્ણાતો માટે રાષ્ટ્રીય સુરક્ષાને અસર કરતા મુદ્દાઓ અને આતંકવાદ દ્વારા ઉભા થતા જોખમો પર ચર્ચા કરવા માટે એક મંચ પૂરું પાડશે. મંત્રાલયે જણાવ્યું છે કે

પરિષદનો મુખ્ય ઉદ્દેશ્ય આતંકવાદના ખતરા સામે સંકલિત કાર્યવાહી માટે વિવિધ હિસ્સેદારો વચ્ચે સંકલન સ્થાપિત કરવાનો છે.

મંત્રાલયે જણાવ્યું છે કે પરિષદમાં વિદેશી અધિકારક્ષેત્રોમાંથી પુરાવા એકત્રિત કરવા, ડિજિટલ ફોરેન્સિક્સ અને આતંકવાદ વિરોધી તપાસમાં ડેટા વિશ્લેષણ, રાષ્ટ્રીય સુરક્ષા માટે ઉભરતા હાઇબ્રિડ જોખમો, અંગે સત્રો યોજાશે

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# PM & BIRLA - CONDOLENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ત્રિપુરા વિધાનસભાના અધ્યક્ષ બિસ્વ બંધુ સેનના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, પ્રધાનમંત્રીએ કહ્યું કે શ્રી સેનને ત્રિપુરાની પ્રગતિને પ્રોત્સાહન

આપવાના તેમના પ્રયાસો અને વિવિધ સામાજિક કાર્યો પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા માટે યાદ કરવામાં આવશે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પણ બિસ્વ બંધુ સેનના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી બિરલાએ કહ્યું કે શ્રી સેનને લોકોની નિઃસ્વાર્થ સેવા માટે યાદ કરવામાં આવશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ શ્રી સેનના નિધન પર શોક વ્યક્ત કર્યો.

. . . . . . . . . . . . . .

# PM-SANTHALI-CONSTITUTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંથાલી ભાષામાં બંધારણના પ્રકાશનની પ્રશંસા કરી છે. તેનું વિમોચન રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા કરવામાં આવ્યું હતું. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે આનાથી બંધારણીય જાગૃતિ અને લોકશાહી ભાગીદારીને પ્રોત્સાહન મળશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે દેશને સંથાલી સંસ્કૃતિ અને રાષ્ટ્રીય પ્રગતિમાં સંથાલી લોકોના યોગદાન પર ગર્વ છે

. . . . . . . . . . . . . .

# AP-ACCIDENT

આંધ્રપ્રદેશમાં આજે સવારે બે અલગ અલગ માર્ગ અકસ્માતોમાં સાત લોકોના મોત થયા છે અને પાંચ લોકો ઘાયલ થયા છે.

ગુંટુર જિલ્લામાં એક ખાનગી ટ્રાવેલ બસ એક કાર સાથે અથડાતાં ત્રણ લોકોના મોત થયા હતા અને ત્રણ અન્ય ઘાયલ થયા હતા. કાર ચાલકે રસ્તાની બાજુમાં વાહન રોક્યું હતું ત્યારે ખાનગી ટ્રાવેલ બસે પાછળથી કારને ટક્કર મારી હતી.

અન્ય એકઘટનામાં  નંદ્યાલ જિલ્લામાં એક ઝડપી ગતિએ આવતી કાર ડિવાઈડર સાથે અથડાઇ બીજી બાજુથી આવી રહેલી ખાનગી ટ્રાવેલ બસ સાથે અથડાતાં ચાર લોકોના મોત થયા હતા.

. . . . . . . . . . . . . .

# KARNATAKA-ACCIDENT

કર્ણાટકના ચિત્રદુર્ગા બસ અકસ્માતમાં આજે બસ ડ્રાઈવરનું મોત થતાં મૃત્યુઆંક વધીને સાત થયો છે. ગઈકાલે એક સ્લીપર કોચ બસ કન્ટેનર ટ્રક સાથે અથડાતાં  આગ લાગી જતાં છ લોકો જીવતા ભૂંજાયા હતા અને 21 અન્ય ઘાયલ થયા હતા.

અધિકારીઓએ જણાવ્યું છે કે ડીએનએ પરીક્ષણના પરિણામો આવ્યા પછી મૃતદેહ તેમના પરિવારોને સોંપવામાં આવશે. હાડકાના નમૂના ફોરેન્સિક પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે, અને પરિણામો ટૂંક સમયમાં આવવાની અપેક્ષા છે.

મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ અકસ્માતમાં માર્યા ગયેલા લોકોના પરિવારને

પાંચ લાખ રૂપિયા અને ઘાયલોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

. . . . . . . . . . . . .

# NORTH KOREA-NUCLEAR

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ-ઉને શસ્ત્ર ઉત્પાદન ક્ષમતા વધારવા માટે નવી ફેક્ટરીઓનું અનાવરણ કર્યું છે. તેમણે કહ્યું કે યુદ્ધ નિવારણને મજબૂત બનાવવા માટે ઉત્પાદન વધારવું મહત્વપૂર્ણ છે. તેમણે 8 હજાર 700 ટનની પરમાણુ સંચાલિત મિસાઇલ સબમરીનનું નિરીક્ષણ કર્યાના એક દિવસ પછી આ જાહેરાત કરી. આ યોજનાઓનો હેતુ આવતા વર્ષની શરૂઆતમાં નવમી પાર્ટી કોંગ્રેસ પહેલા સંરક્ષણ ક્ષેત્રમાં સિદ્ધિઓની સમીક્ષા કરવાનો છે.

. . . . . . . . . . . . .

# J-K--AI-POWERED-SECUIRTY

પાકિસ્તાન તરફથી સંભવિત આતંકવાદી ઘૂસણખોરી અંગેની ગુપ્ત માહિતી મળ્યા બાદ સુરક્ષા દળોએ જમ્મુમાં આંતરરાષ્ટ્રીય સરહદ અને પંજાબના સરહદી જિલ્લાઓમાં સતર્કતા વધારી દીધી છે. સરહદ સુરક્ષા દળે પંજાબના સરહદી વિસ્તારોમાં હાઇ એલર્ટ આપ્યું છે.

આતંકવાદીઓ દ્વારા સરહદ પાર કરવાના કોઈપણ પ્રયાસોનો સામનો કરવા પંજાબમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર, ખાસ કરીને ગુરદાસપુર અને પઠાણકોટમાં વધારાના સુરક્ષા જવાનો તૈનાત કરવામાં આવ્યા છે. વિવિધ સરહદી વિસ્તારોમાં શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

આંતરરાષ્ટ્રીય સરહદની નજીક ત્રણથી ચાર આતંકવાદીઓનું એક જૂથ ધુમ્મસ વચ્ચે સરહદ પાર કરવા મીટ માંડીને બેઠું હોવાના અહેવાલ મળી રહ્યા છે.

. . . . . . . . . . . . . .

# AMERICA – H1B VISA

અમેરિકાની H-1B વિઝા પસંદગી પ્રક્રિયામાં મોટા પાયે ફેરફારથી ભારતીય ટેકનોલોજી વ્યાવસાયિકો અને ભારતીય અમેરિકન પરિવારો પર માઠી અસર પડશે.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS) એ ઔપચારિક રીતે સૂચના આપી છે કે ભવિષ્યમાં H-1B કેપ પસંદગીઓ ફક્ત રેન્ડમ લોટરીને બદલે વેતન સ્તરના આધારે કરવામાં આવશે.આ નિયમનો હેતુ અમેરિકી કામદારોના વેતન, કાર્યકારી પરિસ્થિતિઓ અને નોકરીની તકોનું રક્ષણ કરતી વખતે ઉચ્ચ કુશળ અથવા ઉચ્ચ શિક્ષિત કામદારોની જરૂર હોય તેવા હોદ્દાઓમાં અછતને દૂર કરવાનો છે.

ખાસ કરીને ભારતીય નાગરિકો H-1B મંજૂરી અને ગ્રીન કાર્ડ માટે અરજી કરતાં હોય છે. અમેરિકાની ટેકનોલોજી ક્ષેત્રે જે રીતે ભારતીય નાગરિકોનો દબદબો છે તે જોતાં ભારતીય નાગરિકો ઉપર ખાસ નજર રાખવામાં આવી રહી છે.

. . . . . . . . . . . . . .

## WOMEN CRICKET

**મહિલા ક્રિકેટમાં, ભારત અને શ્રીલંકા વચ્ચે આજે તિરુવનંતપુરમના ગ્રીનફિલ્ડ ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે ત્રીજી ટી20 આંતરરાષ્ટ્રીય મેચ રમાશે. આ મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. યજમાન ટીમે પાંચ મેચની શ્રેણીમાં 2-0થી લીડ મેળવી લીધી છે.**

**ભારતે રવિવારે પહેલી મેચમાં શ્રીલંકાને આઠ વિકેટથી હરાવ્યું હતું અને મંગળવારે વિશાખાપટ્ટનમમાં બીજી મેચ સાત વિકેટથી જીતી હતી.**

. . . . . . . . . . . . . . .